# પેટ્રોલ-ડિઝલના ભાવમાં ધરખમ ઘટાડો

## ગુજરાતમાં પેટ્રોલમાં ત્રણ રૂપિયા અને ડિઝલમાં ૨.૮૦નો ઘટાડો : પેટ્રોલ તેમજ ડિઝલમાં ભાવ ઘટાડો

## તાત્કાલિક અમલી બનાવાયો : પેટ્રોલ-ડિઝલના ભાવમાં ક્રમશઃ વેટ-સેલટેક્સ સિવાય ૨.૪૧ અને ૨.૨૫નો ઘટાડો

નવીદિલ્હી,તા. ૩૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે વધુ ઘટાડો કરવામાં આવ્યો હતો. તીવ્ર મોંઘવારી વચ્ચે એકબાજુ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨.૪૧નો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ૨.૨૫ સુધીનો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો. આની સાથે જ અમદાવાદમાં પેટ્રોલની નવી કિંમત ૬૭.૧૧ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ડિઝલની કિંમત ૫૮.૯૬ થઈ ગઈ છે. ૧૮મી ઓક્ટોબરના દિવસે સરકારે ઐતિહાસિક નિર્ણય લઈને ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. તે વખતે ડિઝલની કિંમતમાં ૩.૩૭ રૂપિયાનો ઘટાડો કર્યો હતો જેથી ડિઝલના ભાવ અમદાવાદમાં ઘટીને ૬૧.૫૨ થયા હતા જેની સામે આજે ડિઝલની કિંમત અમદાવાદમાં ઘટીને ૫૮.૯૬ થઈ ગઈ હતી. ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં લોકોને ઘટાડો વધુ લાગુ પડશે. આનો મતલબ એ થયો કે ગુજરાતના લોકોને મોટી રાહત થશે. પેટ્રોલની કિંમતમાં ૨.૪૧નો ઘટાડો કરવામાં આવ્યો છે પરંતુ ગુજરાતમાં આ ઘટાડો વેટ સાથે ૩ રૂપિયાનો રહેશે જ્યારે ડિઝલની કિંમતમાં ઘટાડો વેટ સાથે ૨.૮૦નો રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પોતાની આસપાસ સત્ય, અહિંસા અને સંતોષ રૂપી એક કિલ્લો ઊભો કરી દો.. કોઇ તાકાત એ ભેદી શકશે નહીં

- ધર્મસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૮ | ૧ નવેમ્બર, ૨૦૧૪, શનિવાર ; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રન ફોર યુનિટીમાં ૨૫૦૦ ગાંધીનગરા જોડાયા

## ૨.૫ કિ.મી.ની આ દોડમાં અધિકારીઓ જોડાતા દોડવીરોનો ઉત્સાહ બેવડાવો : દોડનું નેતૃત્વ ભુલકાએ કર્યું

ગાંધીનગર, તા. ૩૧

આજે ગાંધીનગર ખાતે દ્વિતીય રાષ્ટ્રીય એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫૦૦થી વધુ દોડવીરોએ ભાગ લઈ અને દેશના લોહપુરૂષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

મહાત્મા મંદિરથી એલ.આઈ.સી. ભવન સુધી યોજાયેલ આ દોડમાં યુવા દોડવીરોની સંખ્યા ઓછી જરૂર હતી પરંતુ દોડવીરો સાથે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લાના પ્રભારી સચિવશ્રી એમ.એસ. ડાગુર જોડાતાં તેમના ઉત્સાહમાં વધારો થયો હતો.

મહાત્મા મંદિર ખાતે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ, પ્રભારી સચિવશ્રી ડાગુર, જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાને દોડવીરોને લીલી ઝંડી બતાવી દોડનું પ્રસ્થાન કરાવ્યું હતું. દોડનું નેતૃત્વ સાડા પાંચ વર્ષના એક નાના ભુલકાએ કર્યું હતું.

આજે ગાંધીનગર ખાતે યોજાયેલ આ દ્વિતીય રાષ્ટ્રીય એકતા દોડમાં દોડવીરો માટે પાણીની વિશેષ વ્યવસ્થા રૂટ પર કરવામાં આવી હતી. જો કે દોડવીરોને તેની જરૂરિયાત ઓછી પડી હતી.

દોડના સમાપન પોઈંટ પર મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે તેમજ અન્ય અધિકારીઓએ દોડવીરોને આવકાર્યા હતા.



મહાત્મા મંદિરથી એલ.આઈ.સી. ભવન સુધીના ૨.૫ કિ.મી. રૂટ પર ટ્રાફિક પોલીસ દ્વારા યોગ્ય ટ્રાફિક સંચાલન કરવામાં આવ્યું હતું. શહેરની સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ, રમતવીરો, કોલેજના યુવાનો, પોલીસ કર્મચારીઓ, સફાઈ કામદારો, વિવિધ કચેરીના કર્મચારીઓ, પદાધિકારીઓ જોડાયા હતા.

આ દોડમાં નગરજનો સહિતના દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે દોડવીરોને એક કેપ પણ આપવામાં આવી હતી. આ દોડ માટે ખાસ શામિયાણો ઉભો કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.ડી. મોડિયા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પ્રદિપસિંહ રાઠોડ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશા શર્મા, ગાંધીનગર મામલતદાર શ્રી મોદી સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી હતી.

આજરોજ ગાંધીનગર જિલ્લાના માણસા, કલોલ અને દહેગામ તાલુકામાં પણ રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરજનો, પદાધિકારીશ્રીઓ, અધિકારી-કર્મચારી, કલોજના યુવાનો અને અન્ય સંસ્થાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





સરદારને પુષ્પાંજલિ - સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ પ્રસંગે ગાંધીનગરમાં વહેલી સવારથી કાર્યક્રમોની હારમાળ આરંભાઈ હતી. વિધાનસભા સંકુલમાં સરદાર પટેલની પ્રતિમા પર પુષ્પાંજલિનો કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની નિશ્રામાં યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ મંગુભાઈ પટેલ, ધારાસભ્યો, મેયર સહિત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા પટેલ સમાજના આગેવાનોએ સરદાર પટેલને પુષ્પમાળા અર્પી અંજલિ આપી હતી... સાથો સાથ મુખ્યમંત્રીએ ઉપસ્થિત નાગરિકોને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા.

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ શપથ ગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

રાષ્ટ્રીય એકતા દિવસ શપથ



ગ્રહણ સમારોહ આજે જિલ્લા પ્રભારી મંત્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર નજીક યોજાયો હતો. આ સમારંભમાં મંત્રી નિતીનભાઈ પટેલે ઉપસ્થિત સર્વેને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા. શપથ બાદ પોલીસ જવાનો દ્વારા પરેડ કરવામાં આવી હતી.

આ શપથ ગ્રહણ સમારોહમાં મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, રાજ્ય પોલીસ વડા પી.સી. ઠાકુર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અલોરિયા, ડીઆઈજી ગાંધીનગર આર.આર. ભગત, જિલ્લા કલેક્ટર રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી વિકટર મેકવાન, નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. મોડિયા, જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ સહિત પોલીસ જવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.



# સિગ્નેચર બ્રિજના કામમાં વિલંબ

## અત્યાર સુધી ૪૬ કરોડનો ખર્ચ થયો : જૂન મહીના સુધી સ્લેબ ભરવાનું કામ જ ચાલશે

ગાંધીનગર, તા.૩૦

ગીફ્ટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ પૂર્ણ થતા હજુ એક વર્ષ લાગે તેમ છે. અત્યાર સુધી આ બ્રિજના નિર્માણ પાછળ રૂ ૪૬ કરોડનો ખર્ચ થઈ ચુકયો છે. બ્રિજ નિર્માણને અનુલક્ષી સ્લેબ ભરવાનું કામ ચાલી રહ્યું છે. જયારે આગામી જૂન મહીના સુધી બ્રિજના સ્લેબ ભરવાનું જ કામ ચાલશે.

ગાંધીનગર નજીક બિઝનેસ હબ બનતા ગીફ્ટ સિટીના નિર્માણને અનુલક્ષી આ વિસ્તારમાં માળખાગત સુવિધાના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે જયારે આ અન્વયે ગીફ્ટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ પણ હાલ પ્રગતિ હેઠળ છે. ગીફ્ટ સિટીને લઈ આ બ્રિજનું જોડાણ અત્યંત મહત્વનું હોવાથી આસપાસના વિસ્તારોનું પણ આ બ્રિજ તરફ ધ્યાન કેન્દ્રીત થયું છે. ગીફ્ટ સિટીને જોડતા આ સિગ્નેચર બ્રિજનું કામ ગત તા. ૧૦ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે અત્યાર સુધીમાં બ્રિજની કામગીરી પાછળ રૂ. ૪૬ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. બ્રિજ નિર્માણને અનુલક્ષી ૧૬ જટલા સ્લેબ ભરવા પડે તેમ છે. જયારે હાલ પણ આ કામગીરી ચાલી રહી છે. આગામી જૂન મહિના સુધી બ્રિજના સ્લેબ ભરવામાં આવશે. ટેન્ડર મુજબ સિગ્નેચર બ્રિજનું કામ માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરી દેવાનો સમય નિયત કરવામાં આવ્યો હતો. પરંતુ આ બ્રિજ બનતા હજુ એક વર્ષનો સમય લાગશે. સિગ્નેચર બ્રિજના નિર્માણ પાછળ કુલ રૂ. ૬૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. બ્રિજ નિર્માણબાદ ગીફ્ટ સિટીને નવું જોડાણ મળવાની સાથે સમગ્ર વિસ્તારની રોનક બદલાઈ જશે.

# ...ને મહિલા કોન્સ્ટેબલ ઢળી પડી..!

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર પાસે આજે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસ શપથ ગ્રહણ સમારોહ દરમિયાન શપથ વખતે એક મહિલા પોલીસ કોન્સ્ટેબલને અચાનક બ્લડ પ્રેશર વધી જતાં ચકકર ખાઈને ઢળી પડી હતી. તાત્કાલિક તેણીને પાણી આપીને બેસાડી દેવામાં આવી હતી. મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં મહિલા કોન્સ્ટેબલ ઢળી પડયાની ઘટના બનતા ચર્ચાનો વિષય બન્યો હતો.

# કેન્દ્ર સરકાર પાસેથી રાજ્યને મળવાપાત્ર રકમ પૈકી ૩૦ ટકા જેટલી જ મળી છે

## કેન્દ્રમાંથી મહત્તમ રકમ મેળવવા વિભાગોને પ્રયાસ હાથ ધરવા તાકીદ કરી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી આ વર્ષે મળવાપાત્ર રકમ સામે માત્ર ૩૦ ટકા જ રકમ મળતા કેન્દ્રમાંથી વધુ રકમ મેળવવા માટેની કાર્યવાહી કરવા માટે સંબંધીત વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી કેન્દ્ર પુરસ્કૃત યોજના ઉપરાંત અન્ય યોજનાઓ અંતર્ગત રાજ્ય સરકારને વિવિધ યોજનાઓ માટે દર વર્ષે રકમ ફાળવવામાં આવે છે. આ માટેના ધોરણો પણ નક્કી કરવામાં આવેલા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કેટલી રકમ મળે છે તે અંગેની સમીક્ષા ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન રાજ્ય સરકારના ધ્યાન પર આવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫ માટે રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ૧૭,૦૦૦ કરોડ જેટલી રકમ મળવાપાત્ર છે. જે પૈકી ૧૪ ઓક્ટોબર-૨૦૧૪ સુધીમાં માત્ર ૩૦ ટકા જેટલી જ રકમ મળી છે. જે આ

● અનુસંધાન પાન-૭ પર



રજતજયંતિ મહોત્સવ - ગાંધીનગરની આધ્યાત્મિક - સાંસ્કૃતિક સંસ્થા જયઅંબે પરિવારના રજયજયંતિ મહોત્સવના ઉત્સવોમાં રાજ્યના આરોગ્ય અને માર્ગ - મકાન મંત્રી નિતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નિતીનભાઈ પટેલે ભાવપૂર્વક માતાજી અને મહાદેવના દર્શન કર્યા હતા. સમગ્ર મંડપ પરિસરમાં ફરીને ઝીણવટપૂર્વક પ્રદર્શન અને આયોજનને નિહાળ્યું હતું. યજ્ઞશાળાની પ્રદક્ષિણા કરી સહસ્ત્રચંડી યજ્ઞના મંત્રોચ્ચારનો શ્રવણ લાભ લીધો હતો. આ પ્રસંગે જયઅંબે પરિવારના પ્રમુખ લલિતભાઈ પટેલ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડનગર તાના-રીરી સંગીત મહોત્સવમાં જવા ખાસ બસની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૩૧

આવતીકાલથી આરંભાતા તાના-રીરી સંગીત સમારોહમાં જોડાવવા માંગતા નાગર પરિવારજનો માટે વડનગર જવા ગાંધીનગરથી બસની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. બસ આવતીકાલે તા. ૧લી નવેમ્બરને શનિવારના રોજ બપોરે ૨.૦૦ વાગે ગાંધીનગર સમાચાર, સેક્ટર-૮ ખાતેથી ઉપડશે. રસ ધરાવતા સદ્‌ગૃહસ્થોને વીસનગરા નાગર પરિવારના પ્રમુખ સુરેશ મહેતા અને વડનગરા નાગર પરિવારના પ્રમુખ સુધીરભાઈ દેસાઈનો સંપર્ક બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં કરી લેવા જણાવાયું છે.


# બેસણું



મારા ધર્મપત્નિ **ચંપાબેન બળદેવભાઈ પટેલ** (વાસણા કુણપુર) હાલ રહેવાસી ગાંધીનગરનું તા. ૩૦/૧૦/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧/૧૧/૨૦૧૪ને શનિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૨૨૮/૧, ચૌધરી ગર્લ્સ સ્કૂલની સામે, સેક્ટર-૭/ડી, ગાંધીનગર.**

મો. ૯૪૨૬૨ ૮૯૫૬૧, ૯૪૨૬૩ ૬૮૨૮૨, ફોન નં. ૨૩૨૩૧૦૨૪

લિ.

**કિરણભાઈ બળદેવભાઈ પટેલ**
**જગદીશભાઈ ઠાકરસીભાઈ પટેલ**
**બળદેવભાઈ મોહનલાલ પટેલ**
**(નિવૃત્ત અધિક્ષક ઈજનેર)**
**ઠાકરસીભાઈ મોહનભાઈ પટેલ**
**પ્રવિણભાઈ ઠાકરસીભાઈ પટેલ**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧